JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2021-23 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૦ * * * સંવત ૨૦૭૯ મહા સુદ ચોથ, બુધવાર ૨૫ જાન્યુઆરી, ૨૦૨૩ * * * દૈનિક : ૮૭ - અંક : ૭૫

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

# નેપાળમાં 5.9નો ભૂકંપ, ઉત્તર-પશ્ચિમ ભારતમાં પણ આંચકા અનુભવાયા

## નાટુ નાટુ બેસ્ટ સોંગ માટે ઓસ્કારમાં નોમિનેટ

**ભારતની** સત્તાવાર ફિલ્મ 'ધ લાસ્ટ શો' બહાર થઈ

ભારતીય ડોક્યુમેન્ટરી 'ઓલ ઘેટ બ્રીથ્સ' અને 'એલિફેન્ટ વ્હિસ્પર્સ'ને અલગ અલગ વર્ગમાં નોમિનેશન મળ્યું

આ પ્રથમ વખત છે કે દેશની 3 ફિલ્મો ઓસ્કારમાં અલગ અલગ વર્ગમાં અંતિમ પાંચમાં પહોંચી



**લોસ એન્જેલિસ, તા. 24 (PTI):** એસ એસ રાજામૌલીની બ્લોકબસ્ટર 'આરઆરઆર'ના હિટ ડાન્સ ગીત 'નાટુ નાટુ'એ પોતાની વિજયી કૂચ જારી રાખતા ઓસ્કાર 2023માં ઓરીજનલ સોંગ માટે પ્રતિષ્ઠિત નોમિનેશનમાં જગ્યા બનાવી છે, જ્યારે ભારતીય ડોક્યુમેન્ટરી 'ઓલ ઘેટ બ્રીથ્સ' અને 'એલિફેન્ટ વ્હિસ્પર્સ'ને ક્રમશઃ ડોક્યુમેન્ટરી ફીચર અને ડોક્યુમેન્ટરી શોર્ટ વર્ગમાં નામાંકન મળ્યું છે.

આંતરરાષ્ટ્રીય ફિલ્મના વર્ગમાં ભારતની સત્તાવાર ફિલ્મ 'ધ લાસ્ટ શો' અંતિમ પાંચમાં જગ્યા બનાવવામાં નિષ્ફળ ગઈ હતી પણ ઉજવણી માટે ઘણા કારણો છે કારણ કે કદાચ આ પ્રથમ વખત છે કે દેશની 3 ફિલ્મો અલગ અલગ વર્ગમાં અંતિમ 5માં પહોંચી છે. 'નાટુ નાટુ'ની હરીફાઈ ટેલ ઈટ લાઈક અ વુમનના 'એપ્પલોઝ', ટોપ ગનઃ માવરીકના 'હોલ્ડ માય હેન્ડ', બ્લેક પેન્થરઃ વાકાન્ડા ફોરએવરના 'લિફ્ટ મી અપ' અને એવરીથીંગ એવરીવ્હેર ઓલ એટ વન્સના 'ધીસ ઈઝ લાઈફ' ગીત સાથે થશે. 4.35 મિનટનું નાટુ નાટુ ડાન્સ નંબર દેશી સંગીતમાં આનંદની ભાવનાને દર્શાવે છે, તેનું સંગીત એમ એમ કીરવાનીએ આપ્યું છે અને તેની કોરિયોગ્રાફી પ્રેમ રક્ષિથે કરી છે, સોશિયલ મીડિયા પર કેટલાંક લોકો આ ગીતના ડાન્સ સ્ટેપની નકલ કરવાના પ્રયાસ કરે છે. કલા ભૈરવ અને રાહુલ સિપલીગુંજે આ ગીત ગાયું છે. ફિલ્મના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટથી પોસ્ટ કરાયું હતું, 'અમે ઈતિહાસ રચી દીધો!' સંગીતકાર કીરવાનીએ આખી ટીમને શુભકામના પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે આ મહિનાની શરૂઆતમાં ગીતને ગોલ્ડન ગ્લોબ પુરસ્કાર અને ક્રિટીક્સ ચોઈસ પુરસ્કાર મળ્યા હતા. ઓલ ઘેટ બ્રીથ્સની સ્પર્ધા 'ઓલ ધ બ્યુટી એન્ડ ધ બ્લડશેડ', 'ફાયર ઓફ લવ', 'અ હાઉસ મેડ ઓફ સ્પિલન્ટર્સ' અને 'નાવલ્ની' સાથે આ વર્ષની શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી માટે થશે.

જ્યારે ડોક્યુમેન્ટરી શોર્ટ

...અનુસંધાન પાના સ્પોર્ટસ પર

**કાઠમંડુ, તા. 24 (PTI).** અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે પશ્ચિમ નેપાળના દૂરના પર્વતીય જિલ્લાઓમાં 5.9ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને આ પ્રદેશમાં ડઝનેક મકાનોને નુકસાન થયું હતું. સુદુરપશ્ચિમ પ્રાંતના બાજુરા જિલ્લાના મેલા વિસ્તારમાં કેન્દ્રબિંદુ ધરાવતો ભૂકંપ સ્થાનિક સમયાનુસાર બપોરે 2:43 વાગ્યે આ પ્રદેશમાં આવ્યો હતો. એમ ભૂકંપ માપન અને સંશોધન કેન્દ્રના વડા લોક બિજય અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, કાઠમંડુથી 450 કિમી પશ્ચિમમાં આવેલા બાજુરા જિલ્લામાં નજીકના જંગલમાં ઘાસ કાપી રહેલી એક 35 વર્ષીય મહિલા પર ખડક પડતાં તેણીનું મૃત્યુ થયું હતું. દૂરના પહાડી પ્રદેશમાં આવેલા ભૂકંપમાં લગભગ ત્રણ ડઝન ઘરોને નુકસાન થયું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, તેઓ કંપનને કારણે થયેલા વધુ નુકસાન વિશે વધુ માહિતી એકત્રિત કરી રહ્યા છે. બડીમાલિકા નગરપાલિકાના એક મંદિરમાં પણ તિરાડો પડી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભૂકંપ બાદ થયેલા ભૂસ્ખલનને કારણે 40થી વધુ ઘેટાં મૃત્યુ પામ્યાં હતાં. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટનામાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો. નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટરનાં વડાં મોનિકા દહલે જણાવ્યું હતું કે, પશ્ચિમ નેપાળના વિશાળ વિસ્તારોમાં 5.9ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. પડોશી દેશ ભારતના કેટલાક ભાગોમાં પણ તેની અસર જોવા મળી હતી. ભૂકંપ બાદ તરત જ નેપાળ આર્મી અને નેપાળ પોલીસના જવાનોને શોધ અને બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું.

પશ્ચિમ નેપાળમાં વારંવાર હળવાથી મધ્યમ તીવ્રતાના ભૂકંપ આવે છે. ડિસેમ્બર 2022માં પશ્ચિમ નેપાળમાં એક પછી એક એમ ત્રણ આંચકા આવ્યા હતા. એપ્રિલ 2015માં નેપાળમાં 7.8ની તીવ્રતાના વિનાશક ભૂકંપથી લગભગ 9,000 લોકો માર્યા ગયા હતા અને લગભગ 22,000 અન્ય ઘાયલ થયા હતા અને 800,000થી વધુ ઘરો અને શાળાની ઈમારતોને પણ નુકસાન થયું હતું.



નેપાળમાં ભૂકંપથી 1નું મોત, ઘણાં મકાનોને નુકસાન

### દિલ્હી-ઉત્તરાખંડ, હરિયાણા, રાજસ્થાનમાં પણ આંચકા અનુભવાયા

નેપાળમાં મંગળવારે બપોરે 5.9ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને દિલ્હી અને જયપુર સહિત ભારતના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં પણ આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે, ભૂકંપ બપોરે 2.28 વાગ્યે આવ્યો હતો અને તેનું કેન્દ્ર ઉત્તરાખંડના સરહદી રાજ્ય પિથોરાગઢથી લગભગ 148 કિમી પૂર્વમાં પશ્ચિમ નેપાળમાં હતું. ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી અને રાજસ્થાનમાંથી ફર્નિચર, છતના પંખા અને દીવાલ હચમચી જવાના અહેવાલો આવ્યા હતા. કારણ કે, હિમાલયના પ્રદેશમાં ભૂકંપના તેજ આંચકા અનુભવાયા હતા. એક વરિષ્ઠ સિસ્મોલોજિસ્ટે જણાવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્ર 2,400 કિમી હિમાલયન અથડામણ ઝોનમાં સ્થિત હતું, જે હિંદુકુશ પર્વતમાળાઓથી હાલના મ્યાનમાર સુધી વિસ્તરે છે. હિમાલયન ટકરાવ ક્ષેત્ર એ ભૂકંપની દૃષ્ટિએ સક્રિય ક્ષેત્ર છે અને 5.9ની તીવ્રતાનો ભૂકંપ 2400 કિમી વિસ્તારમાં મંગળવારે બપોરે 3 વાગ્યે સમાપ્ત થવાની સાથે 24 કલાકમાં આ ચોથો ભૂકંપ હતો. સોમવારે સાંજે 7.12 કલાકે આસામના કચર પ્રદેશમાં 4.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને ભૂટાનમાં મંગળવારે સવારે 10:55 અને બપોરે 12:53 કલાકે 3.2 અને 2.8ની તીવ્રતાના બે ભૂકંપ નોંધાયા હતા. હિન્દીમાં ટ્વિટ કરીને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, ''દિલ્હીમાં આંચકા અનુભવાયા. મને આશા છે કે તમે બધા સુરક્ષિત હશો.'' નોઈડામાં બહુમાળી ટાવરમાં રહેતા શાંતનુએ કહ્યું, ''ખૂબ જ ડરાવનારો આંચકો આવ્યો હતો.'' દિલ્હીના રહેવાસી અમિત પાંડેએ જણાવ્યું હતું કે, ''હું સિવિક સેન્ટરના એક બ્લોકના પાંચમા માળે હતો. મને મારા પગ નીચેથી ગડગડાટ કરતો અવાજ અને હળવો ધ્રુજારીનો અનુભવ થયો હતો.'' દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્યમથક સિવિક સેન્ટરમાં અન્ય ઘણા લોકોએ પણ ગૃહની કાર્યવાહી ચાલુ હતી ત્યારે આંચકા અનુભવ્યા હતા. રાજસ્થાનની રાજધાની જયપુરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યાંથી જાન-માલના નુકસાનના

...અનુસંધાન પાના સ્પોર્ટસ પર





### દેશના ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે તાજેતરમાં જ દેશના ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન લાવી શકે તે માટે જનતાના સભ્યોના વિચારો, ઉકેલો અને પગલાંઓને આમંત્રિત કરવા માટે એક અનોખો પડકાર શરૂ કર્યો છે. આ કૃષિ અર્થવ્યવસ્થાને વેગ આપવાની સરકારની યોજનાઓના સંબંધમાં છે, જે ગ્રામીણ અર્થતંત્રનો એક મોટો ઘટક છે. 'પ્રજ્જવાલા' નામ આપવામાં આવેલ ચેલેન્જને ગ્રામીણ વિકાસ સચિવ શૈલેષ કુમાર સિંહ દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ પગલાનો ઉદ્દેશ્ય વ્યક્તિઓ, સામાજિક સાહસો, સ્ટાર્ટ-અપ્સ, ખાનગી ક્ષેત્ર, નાગરિક સમાજ અને સમુદાય-આધારિત સંગઠનો પાસેથી વિચારો પ્રાપ્ત કરવાનો છે, જેઓ ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. આ વિષયને લગતા સૂચનો અને નવા વિચારો આપવા માટે રસ ધરાવતા લોકોએ 31 જાન્યુઆરી, 2023 સુધી તેમની દરખાસ્તો મોકલવાની રહેશે. આ યોજના પસંદ કરેલ એન્ટ્રીઓ માટે પ્રોત્સાહનોના સંદર્ભમાં આકર્ષણ ધરાવે છે.

...અનુસંધાન પાના સ્પોર્ટસ પર

તા. ૨૪-૦૧-૨૦૨૩નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૨૬.૦° સે. | ૧૪.૦° સે. | ૪૪% |

## BBCની મોદી પરની વિવાદાસ્પદ ડોક્યુમેન્ટરી કેરળના કેટલાંક ભાગોમાં જાહેરમાં દર્શાવાઈ

**ડોક્યુમેન્ટરીના** સ્ક્રીનીંગના વિરોધમાં ભાજપની યુવા પાંખે રાજ્યમાં વિવિધ સ્થળો પર પ્રદર્શન કર્યા

**એર્નાકુલમ** અને થિરૂવનંતપુરમમાં મંગળવારની સાંજે અમુક કોલેજોમાં ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનીંગ કરાયું

**એ કે** એન્ટોનીના પુત્રએ ડોક્યુમેન્ટરી દર્શાવવા સામે નારાજગી વ્યક્ત કરી



**થિરૂવનંતપુર, તા. 24 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયમાં 2002નાં ગુજરાત રમખાણો પર બનેલી બીબીસીની વિવાદાસ્પદ ડોક્યુમેન્ટરીને મંગળવારે કેરળમાં પ્રો-લેફ્ટ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસએફઆઈ) સહિત વિવિધ રાજકીય સંગઠનો દ્વારા દર્શાવવામાં આવી હતી જ્યારે ભાજપની યુવા પાંખે તેના સ્ક્રીનીંગના વિરોધમાં પ્રદર્શનો કર્યા હતા. બીબીસની 'ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન'નું સ્ક્રીનીંગ મંગળવારે રાજ્યના વિવિધ ભાગોમાં કરાયું હતું, તેના વિરોધમાં ભાજપના યુવા મોર્ચાએ માર્ચ કર્યું હતું.

રાજ્યની રાજધાની સહિત કેરળના કેટલાંક વિસ્તારોમાં તણાવ ફેલાયો હતો. થિરૂવનંતપુરમમાં પોલીસને યુવા મોર્ચાના પ્રદર્શનકારીઓને વિખેરવા પાણીનો મારો ચલાવવો પડયો હતો. અહીંના પૂજાપપુરામાં પણ ભેગા થયા હતા જ્યાં ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનીંગ કરાયું હતું.

એર્નાકુલમ અને થિરૂવનંતપુરમમાં મંગળવારની સાંજે અમુક કોલેજોમાં ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનીંગ કરાયું હતું.

બીજી બાજુ એક અનપેક્ષિત જગ્યાથી ભાજપને સમર્થન મળ્યું હતું, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કેરળના પૂર્વ મુખ્યમંત્રી એ કે એન્ટોનીના પુત્ર અનિલે ડોક્યુમેન્ટરી વિરૂદ્ધ નારાજગી દર્શાવી હતી અને કહ્યું હતું કે બ્રિટીશ પ્રસારણકર્તાના દ્રષ્ટિકોણ ભારતીય સંસ્થાનોમાં દર્શાવવા તે દેશની સંપ્રભુતાને નબળી કરશે. યુવા મોર્ચાએ એર્નાકુલમમાં પલક્કડ અને ગવર્મેન્ટ લૉ કોલેજ સુધી માર્ચ કર્યું હતું જ્યાં એસએફઆઈ દ્વારા ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનીંગ કરાયું હતું. બંને જગ્યાએ પોલીસે પ્રદર્શનકારીઓને વિખેર્યા હતા અને સંઘર્ષ થતા અટકાવ્યો

...અનુસંધાન પાના સ્પોર્ટસ પર

## પેરિસ-નવી દિલ્હી ફ્લાઇટમાં ગેરવર્તણૂકની બે ઘટનામાં ડીજીસીએએ એર ઇન્ડિયા પર રૂ. 10 લાખનો દંડ ફટકાર્યો

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ) એવિએશન રેગ્યુલેટર ડીજીસીએએ મંગળવારે એર ઈન્ડિયા પર ગયા વર્ષે ડિસેમ્બરમાં પેરિસ-નવી દિલ્હી ફ્લાઈટમાં બે અશાંત મુસાફરોના વર્તનની બે ઘટનાઓની જાણ ન કરવા બદલ 10 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં આ બીજી વખત છે કે જ્યારે વોચડોગે બેકાબૂ મુસાફરોની વર્તણૂકના સંબંધમાં એરલાઈન સામે અમલીકરણની કાર્યવાહી કરી છે.

મંગળવારે એક નિવેદનમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ જણાવ્યું હતું કે, પેરિસથી નવી દિલ્હી જતી AI-142 ફ્લાઈટમાં 6 ડિસેમ્બર, 2022ના રોજ પેસેન્જર સાથે દુર્વ્યવહારની ઘટનાઓ બની હતી. તે આ મહિને જ નિયમનકારના ધ્યાન પર આવી હતી.

નશામાં ધૂત એક પેસેન્જર શૌચાલયમાં ધૂમ્રપાન કરતો પકડાયો હતો અને ક્રૂની સૂચનાઓનું પાલન કરતો ન હતો અને અન્ય મુસાફરે કથિત રીતે ખાલી સીટ અને સાથી મહિલા મુસાફરનો ધાબળો લઈ લીધા જ્યારે તેણી શૌચાલયમાં ગઈ હતી.

નિવેદનમાં જણાવ્યું હતું કે, ''ડીજીસીએને ઘટનાની જાણ ન કરવા અને તેની આંતરિક સમિતિને મામલો મોકલવામાં વિલંબ કરવા બદલ એર ઈન્ડિયા પર રૂ. 10,00,000ના નાણાકીય દંડના સ્વરૂપમાં અમલીકરણ કાર્યવાહી લાદવામાં આવી છે, જે લાગુ ડીજીસીએ નાગરિક ઉડ્ડયન

...અનુસંધાન પાના સ્પોર્ટસ પર

